## (1) 'નૂર' સેટેલાઈટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે ઈરાનનો પ્રથમ સૈન્ય ઉપગ્રહ છે.
(2) આ ઉપગ્રહ રશિયન સ્પેસ એજન્સી દ્વારા લોન્ચ કરવામાં આવેલ છે.
(3) આ ઉપગ્રહ 36,365 કિલોમીટરની કક્ષાએ સ્થિત છે.
(4) આ ઉપગ્રહ માટે ચાર સ્ટેજ ધરાવતું રોકેટ લોન્ચર વાપરવામાં આવેલું છે.

(A) માત્ર (1)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ ઈરાને પોતાનો પ્રથમ સૈન્ય ઉપગ્રહ 'નૂર' લોન્ચ કર્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ઉપગ્રહ 425 કિલોમીટરની કક્ષાએ ત્રણ સ્ટેજ ધરાવતાં ઘાસેદ (Ghased) લોન્ચર દ્વારા લોન્ચ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (3) તથા (4) ખોટાં છે.)

⇛ ઘણા મહિનાના નિષ્ફળ પ્રયત્નો બાદ ઈરાન સફળ થયું છે.

⇛ આ ઉપગ્રહ IRGC એટલે કે 'ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ' દ્વારા લોન્ચ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ઈરાન COVID-19ની મહામારીમાં ફસાયેલ હોવા છતાં તેણે આ સૈન્ય ઉપગ્રહ લોન્ચ કરતાં તણાવનો માહોલ વધ્યો છે.

⇛ ઉપરાંત યુ.એસ. દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે ઈરાન દ્વારા ઉપગ્રહ લોન્ચ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવેલી ટેક્નોલોજીનો ઉપયોગ મિસાઈલ બનાવવા માટે પણ થઈ શકે તેમ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'ક્લાસીકલ સ્વાઈન ફીવર' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રોગ તાજેતરમાં આસામમાં જોવા મળ્યો છે.
(2) આ રોગને 'હોગ કોલેરા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
(3) આ રોગ મનુષ્યમાં ફેલાય શકતો નથી.
(4) આ રોગ માટે રસી ઉપલબ્ધ છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં આસામના પૂર્વ ભાગમાં આશરે 1300 જેટલાં ભૂંડ 'ક્લાસીકલ સ્વાઈન ફીવર'ના કારણે મૃત્યુ પામ્યાં છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ એક વાયરસ દ્વારા થતો રોગ છે જે માત્ર પાલતું તથા જંગલી ભૂંડને જ અસર કરે છે. આથી, આ રોગ દ્વારા મનુષ્યને ખતરો નથી. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ રોગને ઘણી વખત 'હોગ કોલેરા' તરીકે પણ ઓળખવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ રોગને યોગ્ય અને સમયસરના રસીકરણ દ્વારા વધુ પ્રસરતો અટકાવી શકાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આસામમાં ભૂંડ–પાલનનો ઉદ્યોગ ઘણો મોટો છે. લોકડાઉનના કારણે ભૂંડ–પાલકો ઘણી ચિંતામાં હતાં અને આ રોગને કારણે આ લોકોને વધુ અસર થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) આરોગ્ય કાર્યકર્તાઓની સલામતી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આરોગ્ય કાર્યકર્તાઓની વધુ સારી સલામતી માટે રાષ્ટ્રપતિ દ્વારા 'એપિડેમીક ડિસિઝ એક્ટ, 1897'માં સુધારો કરવામાં આવ્યો છે.

(2) આ સુધારા મુજબ આરોગ્ય કાર્યકર્તા વિરુદ્ધ હિંસાનો ગુનો બિનજામીનપાત્ર છે.

(3) આ સુધારા હેઠળ મહત્તમ સજાની જોગવાઈ 10 વર્ષની જેલ છે.

(4) જે–તે કેસનો અંતિમ નિર્ણય માત્ર 6 મહિનાની અંદર જ આપવામાં આવશે.

(A) માત્ર (1), (3) અને (4)
(B) માત્ર (1) અને (2)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ COVID-19ના કારણે ઘણાં આરોગ્ય કાર્યકર્તાઓ ઉપર થઈ રહેલ હુમલાઓ તથા સતામણીના કારણે રાષ્ટ્રપતિ દ્વારા વટહુકમ (Ordinance) બહાર પાડીને 'એપિડેમીક ડિસિઝ એક્ટ, 1897'માં સુધારો કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સુધારા અંતર્ગત હવે જાહેર જનતા દ્વારા થતી સતામણીમાં મકાન–માલિક તથા પાડોશીનો પણ સમાવેશ થશે.

⇛ આરોગ્ય કાર્યકર્તા વિરુદ્ધ હિંસાનો ગુનો બિનજામીનપાત્ર બનાવવામાં આવ્યો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આવા કિસ્સાઓમાં ઈન્વેસ્ટીગેશન 30 દિવસમાં જ કરવામાં આવશે તથા અંતિમ નિર્ણય એક વર્ષની અંદર આપવામાં આવશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ સામાન્ય કિસ્સાઓમાં સજા : 3 મહિનાથી 5 વર્ષ સુધીની જેલ તથા 50,000થી 2 લાખ સુધીનો દંડ.

⇛ ગંભીર કિસ્સાઓમાં સજા : 6 મહિનાથી 7 વર્ષ સુધીની જેલ તથા 1 લાખથી 5 લાખ સુધીનો દંડ. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) 'ઈ-રક્તકોષ' પોર્ટલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેમાં બ્લડ–ગ્રૃપ આધારિત જળવાયેલા લોહીના જથ્થાની પરિસ્થિતિ જાણી શકાય છે.

(2) કોઈ વ્યક્તિને COVID-19 દરમિયાન લોહી આપવું હોય તો તે આ પોર્ટલ થકી ઈ–પાસ મેળવી શકે છે.

(3) આ પોર્ટલ વર્ષ 2010થી કાર્યરત છે.

(4) આ પોર્ટલમાં કોઈ વ્યક્તિને લોહી જોતું હોય તો તે પોતાના વિસ્તાર મુજબ નજીકના લોકેશન ચેક કરી શકે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ COVID-19ના કારણે વિવિધ સંસ્થાઓ તથા હોસ્પિટલ પાસે જળવાયેલા રક્તનો જથ્થો ઘટી રહ્યો છે. પરિણામે થેલેસેમિયા, ગર્ભવતી મહિલાઓ, હેમોફિલીયા વગેરે જેવાં દર્દીઓને મુશ્કેલી અનુભવાય રહી છે. આથી, કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ ઈ–રક્તકોષ પોર્ટલનો ઉપયોગ કરવા જણાવ્યું છે કે જેમાં દરેક બ્લડ–ગ્રૃપના જથ્થાની પરિસ્થિતિ રિયલ–ટાઈમમાં મળી શકે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પોર્ટલ એક કેન્દ્રીકૃત બ્લડ–બેંક મેનેજમેન્ટ સિસ્ટમ છે. આ પોર્ટલ 2016માં લોન્ચ કરવામાં આવ્યું હતું. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ COVID-19ને અટકાવવા પોલિસ દ્વારા વિવિધ સ્થળોએ ચેકીંગ કરવામાં આવે છે. રક્તદાતાને રક્તદાન કરવા માટે કોઈ મુશ્કેલી ન થાય તે માટે આ પોર્ટલમાંથી રક્તદાતા ઈ–પાસ મેળવી શકે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પોર્ટલનો ઉપયોગ જેને લોહીની જરૂરિયાત હોય તે વ્યક્તિ પણ કરી શકે છે. વ્યક્તિ નજીકની બ્લડ બેંકના લોકેશન જાણી શકે છે તથા જે–તે બ્લડનો જથ્થો પણ જાણી શકે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) 'સુજલામ્ સુફલામ્ જલ સંચય અભિયાન' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ અભિયાન મધ્યપ્રદેશ તથા રાજસ્થાનમાં શરૂ કરવામાં આવેલ છે.
(2) આ અંતર્ગત વરસાદ પહેલા જળસ્ત્રોતોને વિવિધ રીતે ઊંડા કરવામાં આવે છે.
(3) આ એક જાહેર–ખાનગી ભાગીદારી અભિયાન છે.
(4) મનરેગા શ્રમીકો આ અભિયાન સાથે સંકળાયેલા છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ગુજરાતમાં 'સુજલામ્ સુફલામ્ જલ સંચય અભિયાન'નો ત્રીજો તબક્કો શરૂ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ અભિયાન અંતર્ગત વિવિધ જળસ્ત્રોતો જેવાં કે ચેક ડેમ, તળાવ અને નદીમાંથી કાંપ તથા કચરો કાઢવામાં આવે છે જેથી જળસ્ત્રોતો ઊંડા થાય. આ કાર્ય વરસાદ પહેલાં કરવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સમગ્ર કાર્ય લોક ભાગીદારી તથા મનરેગા શ્રમીકો દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ અભિયાન 2018માં શરૂ કરવામાં આવ્યું હતું. અને આ કારણે ઘણો લાભ થયેલો જોવા મળ્યો છે. આ એક જાહેર–ખાનગી ભાગીદારી પ્રકારનું અભિયાન છે. જેમાં સરકારનો હિસ્સો 60% છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT